# મેઘરજના ગેડ નવા કુવા ગામે સિંચાઈના પાણી આપવામાં વ્હાલા દવલાની નીતિ સામે રોષ

ઈસરી, તા.૧


અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના ગેડ નવા કુવા ગામે ગુજરાત જળ સંપત્તિ નિગમ દ્વારા હિંમતનગર કચેરીએ ગેંડ નદીના કિનારે ખેડૂતોને ખેતી અને સિંચાઈનો લાભ મળી શકે તેમજ ઉનાળાની પાકની સીઝનમાં ભૂમિપુત્રો ખેતી કરી જીવન નિર્વાહ ચલાવી શકે તેવા ઉમદા હેતુથી ગુજરાત જળ સંપત્તિ નિગમ દ્વારા ગેંડ નદીના કિનાર ઉંડો ખાડો ખોદીને પાઈપલાઈનની મદદથી ખાડામાં પાણીનો સંગ્રહ કરી આજુબાજુના ખેડૂતોને ખેતી માટે પાણીનો પ્રવાહ મેળવવા માટે યોજના બનાવવામાં આવી હતી પરંતુ?



મેઘરજના ગેંડ નવા કુવા ગામે નદીમાં ચેકડેમોના નીચેના ભાગમાં સિંચાઈ માટે હિંમતનગર કચેરી દ્વારા ઉદવહન પેટા યોજના હેતુ હેઠળ કુવો બનાવવામાં આવેલો છે. હિંમતનગર કચેરી દ્વારા પહેલા ચેકડેમની અંદરની જગ્યામાં સર્વે કર્યા બાદ અમુક ખેડૂતો સાથે મીલી ભગતથી કુવાની જગ્યા કચેરીના અધિકારીઓએ અચાનક બદલી ચેક ડેમના નીચેના ભાગમાં બનાવવામાં આવ્યો હતો અને અપૂરતા પાણીના અભાવે ઉદવહન સિંચાઈ યોજના ખોરંભે પડતા જરુરીયાતમંદ પીયત જમીન વાળા ખેડુત પુત્રોને પાણી મળતું ન હોવાથી પાણી મળવાની આશાએ કરેલા ઉનાળુ વાવેતરનો પાક બળીને ખાખ થઈ જતાં ગુજરાત જળ સંપત્તિ નિગમ હિંમતનગરના અધિકારીઓની અણઆવડત અને મીલીભગતના કારણે ભૂમિપુત્રોને સહન કરવાનો વારો આવ્યો છે તેમજ કુવામાંથી પાણી ખેંચવા માટે રાખવામાં આવેલ પમ્પીંગ મશીન પણ બગડી જતાં નવા કુવા ફળીયામાં જમીન ધરાવતા પુત્રોને યોજનાનો લાભ ન મળતો હોવાથી યોજનાનો કોઈ હેતુ ખરો? નવા કુવા ફળિયાના ખેડુતપુત્રના જણાવ્યા અનુસાર આદિવાસી વન બંધુ વિસ્તારના ખેડૂતોને છેતરવાનો ગુજરાત સરકારનો કિમીયો આવનારી ચૂંટણીઓમાં પરીણામો પર ગંભીર અસર પાડી શકે છે. તદઉપરાંત આ અંગે રાજય સરકારના કૃષિમંત્રીને રજૂઆત કરવામાં આવી છે અને આ સિંચાઈ યોજનામાં કચેરીના અધિકારીઓ દ્વારા આચરવામાં આવેલા ભ્રષ્ટાચારની તપાસ કરવામાં આવે.



(તસવીર : મુકેશ ડામોર, ઈસરી)



તસ્વીર : જીત ત્રિવેદી, ભિલોડા

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના નારણપુર ગામના નવી વસવાટ વિસ્તારમાં ભિલોડા તાલુકા બારેશી ઠાકોર સમાજ સેવા ટ્રસ્ટ ધ્વારા પાંચમો સમુહલગ્નોત્સવ તા.૩૦/૪/૨૦૧૫ ને ગુરૂવારના રોજ યોજાયો હતો.૨૨ નવદંપતીઓએ પ્રભુતામાં કુંમ-કુંમ પગલા પાડ્યા હતા. ભિલોડા તાલુકા બારેશી ઠાકોર સમાજ સેવા ટ્રસ્ટ પ્રમુખ રામસિંહ પરમાર, મંત્રી કેશુભાઈ કોટવાળ,ઉપપ્રમુખ કાંતીભાઈ મારીવાડ, મગનભાઈ તરાર, લખાભાઈ તરાર, ડી.કે.રાઠોડ, કેશુભાઈ તરાર, કાળુભાઈ ઠાકોર, કાંતીભાઈ ખાંટ, કરણભાઈ મારીવાડ, જીતુભાઈ મકવાણા, કાળુભાઈ તરાર, ડાહ્યાભાઈ કોટવાળ, દિનેશભાઈ ગઢવાડીયા, ભરતભાઈ ઠાકોર, જેઠાભાઈ બામણીયા, ઠાકોર સમાજના સક્રીય યુવાન કાર્યકરો, ભિલોડા તાલુકા બારેશી ઠાકોર સમાજ સેવા ટ્રસ્ટ સમુહલગ્નોત્સવ સમિતીના કાર્યકરો અને નવદંપતીઓના માતા-પિતા ધ્વારા ભારે જહેમત ઉઠાવી હતી.

# મેઘરજ ખાતે કૃષિ મહોત્સવ-૨૦૧૫ યોજાયો

## ખેડૂતોએ બિયારણની યોગ્ય પસંદગી અને પીયતની બાબતમાં કાળજી રાખવી જરૂરી છે : પુનચંદ પરમાર

મોડાસા, તા. ૧

મેઘરજ જિલ્લા પંચાયત સીટ વિસ્તારના ખેડૂતોને રૂ.૨.૬૦ લાખના સહાયના ચેકોનું વિતરણ કરાયું. અરવલ્લી જિલ્લાના મેઘરજ જિલ્લા પંચાયત સીટનો કૃષિ મહોત્સવ૨૦૧૫નો પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના અગ્રસચિવશ્રી પુનમચંદ પરમારની અધ્યક્ષતામાં મેઘરજ માર્કેટ આ પ્રસંગે અગ્રસચિવશ્રી પુનમચંદ પરમારે જણાવ્યું હતું કે રાજયમાં કૃષિ ક્ષેત્રે નવતર અભિગમ અપનાવતા કૃષિ વિકાસદરમાં વધારો થયો છે જેના સારા ખેડૂતો માટે પરીણામલક્ષી કાર્યક્રમો ખેડૂતો સુધી પહોંચે તે માટે રાજય સરકારનો આગવો અભિગમ રહયો છે જેમાં કૃષિલક્ષી અને ગ્રામ વિકાસને લગતા કાર્યક્રમોનું આયોજન કરી ખેડૂતોને સીધી સહાય તેમજ વૈજ્ઞાનિકોનું માર્ગદર્શન પુરૂ પાડવામાં આવે છે.



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

વધુમાં ખેડૂતોએ સમયાંન્તરે ખેડ કરી, વાવણી સમયે બિયારણની યોગ્ય પસંદગી અને પીયતની બાબતમાં કાળજી રાખી ખૂબ કુશળતા પૂર્વક વાવેતર કરવું જોઈએ જેથી ઉત્પાદકતામાં વધારો કરી વધુ પજ મેળવી શકાય અને આજના સમયમાં ખેતી ઉપરાંત તેના પુરક વ્યવસાય તરીકે પશુપાલન પણ અપનાવવા ભાર મૂકયો હતો.

વિવિધ યોજનાઓ હેઠળ જિલ્લા પંચાયત સીટ વિસ્તારના પાત્રતા ધરાવતા લાભાર્થી ખેડૂતોને રૂ.૨.૬૦ લાખના સહાયના ચેકો તથા મંજૂરીપત્રોનું વિતરણ કરાયું હતું. આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારીશ્રી સુધિર પટેલ, પ્રયોજના વહીવટદારશ્રી પી.સી.ઠાકુર, પ્રાંત અધિકારીશ્રી આચાર્ય, પદાધિકારીશ્રીઓ તેમજ સર્વે ખેતીવાડી, પશુપાલનના અમલીકરણ અધિકારીઓ વૈજ્ઞાનિકો તેમજ ખેડુત ભાઈઓબહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

# અરવલ્લી જીલ્લામાં માર્ગ અકસ્માતના બે બનાવોમાં ૬ના મોત

મોડાસા, ધનસુરા તા.૧

અરવલ્લી જીલ્લા માં દિવસે ને દિવસે અકસ્માતો ની સંખ્યા માં ઉત્તરો ઉત્તર વધારો થતો જાય છે જાણે કે યમરાજા અરવલ્લી જીલ્લા પર રૂઠયા હોય તેવુ દેખાઈ રહયુ છેલ્લા એક અઠવાડીયા માં અરવલ્લી જીલ્લા ના મોડાસા બાયડ માલપુર મેઘરજ ભીલોડ આ બધા તાલુકા માં થઈ ને અત્યાર સુધી ૧૯ વધુ અકસ્માત માં અંદાજે ૨૦ થી વધુ લોકો ના મોત નીપઝયા છે પોલીસ ધ્વારા વાહનભાલકો માં અવરનેશ લાવવા માટે માર્ગ સલામતી સપ્તાહ અને ટ્રાફીક સપ્તાહ ની ઉજવણી પણ કરવામાં આવે છે વાહન ચાલકો ને વાહન ચલાવવા ના નીયમો અંગે ની એક પત્રીકા પણ આપવામાં આવે છે છતાં પણ જાણે પોલીસ ની આ મહેનત મજેર ના આવતી હોય તેવુ દેખાઈ રહયુ છે.



(તસવીર : બાબુભાઈ પટેલ, વડાગામ)



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

આજ રોજ અરવલ્લી જીલ્લા ના ધનસુરા તાલંકા અને બાયડ તાલુકા માં માર્ગ અકસ્માત ના જુદા જુદા બે બનાવો માં કુલ ૬ વ્યકતીઓ ના મોત નીપઝયા હતા જયારે ૫ લોકો ઈજાગ્રસ્ત થયા હતા.



(તસવીર : જીતેન્દ્ર પટેલ, મોડાસા)

ધનસુરા નજીક આવેલ માલપુર ચોકડી પર રાત્રી ના ૧૧ વાગ્યા ના સુમારે એ પીઆગો પેસેન્જર રીક્ષા ચાલક પોતાની રીક્ષા નંબર જી જે વીવી ૭૪૬૬ પેસેન્જર ભરી ને બાયડ તરફ જઈ રહયો હતો તે સમય દરમ્યાન અચાનક જ સામે થી માતેલા સાંડ ની જેમ આવતા એક કન્ટેનરે રોગ સાઈડે થી રીક્ષા ના આગળ ના ભાગે ટકકર મારતા આ રીક્ષા ૫૦ ફુટ સુધી તો ધસડાઈ હતી અને આ કન્ટેનર ની ટકકર એટલી બધી જોરદાર હતી કે બાયડ તરફ આવતી રીક્ષા ધનસુરા તરફ ફરી ગઈ હતી અને રીક્ષા ફુરચે ફુરચા ઉડી ગયા હતા જયારે આ અકસ્માત એટલો બધો ગમ્ભવાર હતો કે ઘટના સ્થળ ઉપર જ રીક્ષા માં બેઠેલા (૧)ઝાલાજી સબુરજી પરમાર (રહે.જામઠા) (૨)કલ્પનાબોન સુરેશભાઈ પરમાર (૩) કોકીલાબેન સુરેશભાઈ પરમાર (રહે.હીરાપુર)નુ ઘટના સ્થળ ઉપર જ મોત નીપઝયુ હતુ જયારે ગંભીર રીતે ઘાયલ થયેલ હીરાબેન ને સારવાર અર્થે અમદાવાદ ની સીવીલ હોસ્પીટલ માં ખસેડવામાં આવ્યા હતા જયાં સારવાર દરમ્યાન તેમનુ મોત નીપઝયુ હતુ.

જયારે બીજા બનાવ માં બાયડ તાલુકા ના બોરલ નજીક આવેલ કાળાજીના મુવાડા ગામે આજે સવારે ૩.૩૦ વાગય્ ના સુમારે પર પ્રાંતીય ટ્રક ધ્વારા અચાનક સામે થી આવતી લકઝરી ને અડફેટેલીધી હતી ત્યારે આ અકસ્માત ને કારણે લકઝરી માં સવાર ૧૬ વર્ષીય મનીષાબેન નુ ઘટના સ્થળ ઉપર જ મોત નીપજયુ હતુ જયારે ટ્રક માં બેઠેલ કંડકટર ગરીશસ્હ નુ પણ ઘટના સ્થળ ઉપર મોત નીપઝયુ હતુ જે અંગે બાયડ સીપીઆઈ બેન્કરે મહેન્દ્ર ભાઈ રામજી ભાઈ ખટીક ની ફરીયાદ ના આધારે ટ્રક નંબર એચ આર ૫૫ યુ ૮૪૬૫ ના ચાલક સામે ગુનો નોધી આગળ ની કાર્યવાહી હાથ ધરી હતી.

# ભિલોડાની બ્રહ્માણીનગર સોસાયટીના મકાનમાંથી ૫૦,૦૦૦ની ચોરી

ભિલોડા, તા.૧

અરવલ્લી જીલ્લાના ભિલોડામાં હાર્દસમા રેસીડેન્ટ વિસ્તારમાં આવેલ બ્રહ્માણીનગર સોસાયટીમાં એક મકાનમાં અજાણ્યા તસ્કરો મધ્યરાત્રે ત્રાટક્યા હતા. સોના-ચાંદીના દાગીના, કપડા સહિત રોકડા રૂપિયા અને કુલ મુદ્દામાલની કિંમત રૂા.૫૦,૦૦૦/-ની માલ-મત્તાની ચોરી કરી અજાણ્યા તસ્કરો પલાયન થઈ જતાં પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો છે. ભિલોડા પોલીસ સુત્રો ધ્વારા પ્રાપ્ત માહિતી મુજબ ભિલોડાના બ્રહ્માણીનગર સોસાયટી વિસ્તારમાં મધ્યરાત્રે એક મકાનમાં અજાણ્યા તસ્કરો ત્રાટક્યા હતા. ભિલોડાના બ્રહ્માણીનગર સોસાયટી વિસ્તારના રહેવાસી અમૃતભાઈ ધુળાભાઈ પ્રજાપતીનું મકાન આવેલ છે.અમદાવાદ ખાતે રહેતા હોવાથી ભિલોડામાં મકાન બંધ રહેતું હોય છે. અજાણ્યા તસ્કરોએ બંધ મકાનમાં પ્રવેશ કરી તિજોરીના તાળા તોડી નાખી તિજોરીની અંદરથી અંદાજીત રોકડા રૂા.૧૦,૦૦૦/-, કપડા, સાડીઓ સહિત સોના-ચાંદીના દાગીના કુલ મુદ્દામાલ ની કિંમત રૂા.૫૦,૦૦૦/- ના મુદ્દામાલ ચોરી કરી અજાણ્યા તસ્કરો પલાયન થઈ જતાં ચકચાર મચી જવા પામી છે. અમૃતભાઈ પ્રજાપતીએ ચોરીના બનાવ સંદર્ભે ભિલોડા પોલીસ સ્ટેશનમાં જાણ કરતાં પોલીસે અજાણ્યા તસ્કરો વિરૂધ્ધ ગુનો દર્જ કરી ધારાધોરણ મુજબની કાર્યવાહી હાથ ધરેલ છે.

ભિલોડા બ્રહ્માણીનગર સોસાયટીમાં એક મકાનમાં થયેલ ચોરીમાં મકાન પાસેથી બી.એસ.એન.એલ.કંપનીનું સીમકાર્ડ પોલીસને મળ્યું હતું.પોલીસ ધ્વારા તપાસના ચક્રો ગતિમાન કરાયા હોવાનું જાણવા મળેલ છે.

અજાણ્યા તસ્કરોએ મધ્યરાત્રે અંધારામાં ચોરી કરવા માટે મકાનના લાઈટની મેન સ્વીચ બંધ હોવાના કારણે પેપરના કાકડા બનાવી અજવાળુ કરી માલમત્તાની ચોરી કરી અજાણ્યા તસ્કરો પલાયન થઈ ગયા હતા.

# ચિબોડા ગામની મહિલા દાઝી જતા સારવાર દરમિયાન કરૂણ મોત

ભિલોડા,તા.૧

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ચિબોડા ગામની મહિલાએ અગમ્ય કારણોસર પોતાના શરીર ઉપર કેરોસીન છાંટી એકા-એક સળગી જતાં સારવાર દરમ્યાન મોત નિપજ્યું હતું.

ભિલોડા પોલીસ સુત્રો ધ્વારા પ્રાપ્ત માહિતી મુજબ ચિબોડા ગામના પારૂલબેન રોતએ પોતાના ઘરે અગમ્ય કારણોસર પોતાના શરીર ઉપર કેરોસીન છાંટી સળગી જતાં હિંમતનગર પ્રાઈવેટ હોસ્પિટલમાં ચિબોડા ગામના પારૂલબેન રોત ઉંમર વર્ષ-૨૩ નું સારવાર દરમ્યાન મોત નિપજતાં પરીવારજનો હૈયાફાટ રૂદન કરતા હતા.ભિલોડા પંથકમાં ઘેરા શોકની કાલીમા પ્રસરી હતી. હિંમતનગર મેડીસ્ટાર હોસ્પિટલ ડાં.ભરતભાઈ રાઠવાએ ભિલોડા પોલીસ સ્ટેશનમાં જાણ કરતાં પોલીસે ગુનો દર્જ કરી ધારાધોરણ મુજબની કાર્યવાહી હાથ ધરેલ છે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે રવિવારે
ફોન : ૨૩૨૨૨૫૭૧

# શામળાજીમાં આદિવાસી સંસ્કૃતિ પુનઃ સ્થાપિત કરવા રજૂઆત

શામળાજી, તા. ૧

અરવલ્લી જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી મંદિર એટલે આદિવાસી સમાજનો કાળીયાદેવનું મંદિર જેમાં હાલના સેવકોએ કપટ અને વિશ્વાસઘાતથી આદિવાસીઓની અજ્ઞાનતાનો લાભ ઉઠાવી મૂળ હક્કદારોને હોંશિયામાં ધકેલી દીધા હોઈ આદિવાસી સંસ્કૃતિને પુનઃ સ્થાપિત કરવા સહિત હાલના સેવકો તેમજ ટ્રસ્ટીઓને દૂર કરી આસ્થામાં આવતાં નાણાકિય વહીવટ સરકાર હસ્તક કરવા કાળીયા ઠાકોર યુવક મંડળ દ્વારા કલેક્ટર સમક્ષ રજુઆત કરવામાં આવી.

કાળીયા ઠાકોર યુવક મંડળે કલેક્ટર અને સચિવ, પર્યાવરણ અને ધાર્મિક સ્થળો સમક્ષ રજુઆત કરતા જણાવ્યું હતુ કે હાલના શામળાજીના જંગલોમાં માત્ર આદિવાસી પ્રજા વસવાટ કરતી હતી. અને શામળાજી નગરનું અસ્તિત્વ ન હતુ ત્યારે આદિવાસી સંસ્કૃતિ સદીઓથી સ્થપાયેલી છે. તેમજ વર્ષો અગાઉ હાલના કર્માબાઈ તળાવના કાદવમાંથી કાળીયાદેવની મૂર્તી નીકળી હતી અને આદિવાસી સમાજે મૂર્તિ ખાખરાના ઝાડ નીચે મુકી કાળીયાદેવ તરીકે આદિવાસી પ્રજાએ પુંજવાનું શરૂ કર્યુ હતુ. ત્યારબાદ વર્ષો બાદ રાજાએ મંદિર બનાવી આવતાં મૂર્તિ સ્થાપના કરી હાલના સ્થળવાળા મંદિરમાં કરવામાં આવી હતી. અગાઉના સમયમાં રસ્તાના નામે પગદંડી પણ ન હતી. માનવ અવર જવર પણ ન હતી તહેવારે દર્શાનાર્થે લોકો આવતા હતા. મંદિરની સંભાળ કટારાના વંશજો કરતા હતા.

જ્યારે દેશ આઝાદ થયો પછી ૧૯૬૧-૬૪ના સમયગાળા દરમિયાન મંદિરનો જીર્ણોદ્ધાર થયો હતો. તેમાં પથ્થરો ઉપરણી કોતરણી, તામ્રપત્રનો લેખ અને બીજા આધારોનો સેવકોએ નાશ કર્યો હતો. તેવામાં વાઘજી કપરાનુ મૃત્યુ થતાં તકનો લાભ લઈ મંદિરના અંદરનો હક્ક હાલના સેવકોએ છીનવી લીધો હતો. ઉપરાંત આદિવાસીઓના હક્કોનો આધાર ૧૯૭૮ માં ચોરી થયેલ બતાવી ગેરવલ્લે કર્યો છે. જેથી આદિવાસી સંસ્કૃતિની પ્રથમની જેમ મંદિરના ચોકમાં ઉજવતા ભોગવતા અને મૂલ હકદાર અને મળવાપાત્ર હક્ક મળતો તે અસ્તિત્વ લાવીને આદિવાસીઓને હક્ક અપાવાય અને હક્ક જમાવી બેઠેલ સેવકોને દૂર કરી સંસ્થામાં આવતા નાણાનો વહીવટ અને વ્યવસ્થા સરકાર હસ્તક લેવામાં આવે કાળીયા ઠાકોર યુવકમંડળ દ્વારા વર્તમાન સેવકો વિરૂદ્ધ અવાજ ઉઠાવતા ઘેરા પ્રત્યાઘાતો પડનાર છે. તેમજ મંદિરમાં આદિવાસી સંસ્કૃતિ પુનઃ સ્થાપિત કરવા ઠાકોર યુવક મંડળ હક્કો મેળવીને જ જંપશે તેમ ટ્રસ્ટના સદસ્યે જણાવ્યુ હતુ.



(તસવીર : ધ્રુવ પ્રણામી, શામળાજી)

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧